# રાંધેજા-ઉવારસદ ખાતે બાજી માંડીને બેઠેલા આઠ શકુનીઓ ઝડપાયા

## પોલીસે જુગારીઓની અંગજડતી અને દાવ પરથી મળીને કુલ રૂ.૩૯,૩૨૦ નો મુદ્દામાલ કબ્જે કર્યો

પેથાપુર-અડાલજ પોલીસ મથક હદ વિસ્તારમાંથી કુંડાળુ વળીને જુગારની બાજી માંડીને બેઠેલા ૮ શકુનીઓને પોલીસે રંગેહાથ પકડી પાડ્યા છે. પોલીસે જુગારીઓની અંગજડતી અને દાવ પરથી મળીને કુલ રૂ.૩૯,૩૨૦નો મુદ્દામાલ કબ્જે કરી તમામ સામે જુગારધારા હેઠળ ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

સુત્રો દ્વારા મળતી વિગત મુજબ પેથાપુર પોલીસ મથકના જવાનો રાંધેજા ચોકી ખાતે હાજર હતા. તે સમયે તેઓને બાતમી મળી હતી કે રાંધેજા-માણસા માર્ગ પર દેવાંશી બાંધકામ સાઈટની બાજુમાં ખુલ્લી જગ્યામાં કેટલાક શખ્સો કુંડાળુ વળી બાજી માંડીને બેઠા હતા. પોલીસને જોઈ જુગારીઓએ ભાગદોડ કરી મુકી હતી, જો કે પોલીસે કોર્ડન કરી તમામ જુગારીઓને પકડી પાડ્યા હતા. પોલીસને જુગારીઓની અંગજડતી દરમિયાન રૂ.૧૫ હજાર અને દાવ પરથી રોકડા રૂ.૨૪૫૦ મળી કુલ રૂ.૧૭,૪૫૦ કબ્જે કરી આગળની તપાસ હાથ ધરી છે.

જ્યારે બીજીતરફ અડાલજ પોલીસ મથકના જવાનો પેટ્રોલીંગમા હતા તે દરમિયાન તેઓને ઉવારસદ ગામે જોગણીમાતાની વાડી નજીક ખુલ્લી જગ્યામાં કેટલાક શખ્સો જુગાર રમી રહ્યા છે તેવી બાતમી મળી હતી. જેથી પોલીસે સ્થળ પર જઈ તપાસ કરતા બાજી માંડીને બેઠેલા ગામના ખાંટવાસ ખાતે રહેતા ચાર શખ્સોને પોલીસે પકડી પાડ્યા હતા. જ્યારે પોલીસને જોઈને જુગારીઓએ દોડાદોડી કરી મુકી હતી. જ્યારે પોલીસને જુગારીઓની અંગજડતી દરમિયાન રૂ.૧૬,૭૫૦ તેમજ દાવ પરથી રૂ.૫૧૨૦ મળી કુલ રૂ.૨૧૮૭૦ નો મુદ્દામાલ કબ્જે કરી તમામ જુગારીઓ સામે જુગારધારા હેઠળ ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

### રાંધેજાથી પકડાયેલા જુગારી

- પ્રતાપભાઈ ગીરધરભાઈ પટેલ (રહે. છીપા ચકલા રાંધેજા)
- ધર્મેશ પોપટભાઈ બારોટ (રહે. રામજી મંદિર પેથાપુર)
- દિગ્વિજયસિંહ પ્રતાપસિંહ વાઘેલા (રહે. પાંડવનગર કોલવડા)
- જયદિપ અરવિંદભાઈ પટેલ (રહે. છીપા ચકલા રાંધેજા)

### ઉવારસદથી પકડાયેલા જુગારી

- અરવિંદભાઈ શનાજી ઠાકોર (રહે. ખાંટવાસ ઉવારસદ)
- કાળાજી બળદેવજી ઠાકોર (રહે.ખાંટવાસ ઉવારસદ),- બુધાજી કચરાજી ઠાકોર(ખાંટવાસ ઉવારદસ),- સંજય બાબુજી ઠાકોર (રહે. ખાંટવાસ ઉવારસદ)

# સંસ્કૃતિ કુંજ ખાતે વસંતોત્સવનો પ્રારંભ

## વસંતોત્સવ - ૨૦૨૨માં જાણીતા લોક ગાયક સુશ્રી અભિતા પટેલ દ્વારા લોકગીતોની પ્રસ્તુતિ કરાશે





વસંતોત્સવ ૨૦૨૨ને આજે આરોગ્ય અને પરિવાર મંત્રી શ્રી ઋષિકેશ પટેલ,ગૃહ રાજ્ય મંત્રી શ્રી હર્ષ સંઘવી અને આરોગ્ય અને પરિવાર રાજ્ય મંત્રી શ્રીમતી નિમિષા બેન સુથારના હસ્તે દીપ પ્રાગટય કરી ખુલ્લો મુકવામાં આવ્યો હતો.

વસંતોત્સવમાં આપણાં પારંપરીક અને વિસરાતા લોકનૃત્યો રજૂ કરવામાં આવે છે. દરરોજ રજૂ કરવામાં આવતી સાંસ્કૃતિક પ્રસ્તુતિઓમાં આજે તા. ૧૫મી માર્ચ,૨૦૨૨ના રોજ જાણીતા નૃત્યાંગના શ્રીમતી બીજલબેન હરીયા દ્વારા ગણેશ વંદના, સુરતનાં અમીબહેન પટેલ અને તેમના વૃંદ દ્વારા ટીપ્પણી નૃત્ય, સુરતનાં અન્ય એક કલાવૃંદ સપ્તધ્વની દ્વારા અર્વાચીન ગરબો, છત્તીસગઢ રાજ્યનાં લોક કલાકારો દ્વારા પ્રાદેશીક પંથી નૃત્ય, શિનોરનાં આદિજાતી ગૃપ દ્વારા મેવાસી નૃત્ય, તથા બનાસકાંઠાના લોક કલાકારો દ્વારા ઢોલ નૃત્ય, રજુ કરવામાં આવશે. જ્યારે ગુજરાતનાં સુવિખ્યાત કલાકારો દ્વારા રજૂ થનાર લોક સંગીતનાં કાર્યક્રમમાં જાણીતા લોક ગાયક સુશ્રી અભિતા પટેલ દ્વારા લોકગીતોની પ્રસ્તુતિ કરવામાં આવશે.

સંસ્કૃતિ કુંજ ખાતે દર વર્ષની જેમ આ વર્ષે પણ દેશી હાટની શૈલીમાં ઉભા કરાયેલા સ્ટોલમાં હસ્તકલાનાં કારીગરો દ્વારા તૈયાર કરવામાં આવેલ કલાત્મક ચીજ વસ્તુઓનુ પ્રદર્શન અને વેચાણ કરવામાં આવનાર હોય પાટનગરની જનતા પોતાની રૂચી પ્રમાણે વિસરાતી કલાત્મક વસ્તુઓની ખરીદી પણ કરી શકશે અને ખાણીપીણી બજારમાં ગુજરાતની અવનવી વિવિધ પ્રાંતની વાનગીઓનો સ્વાદ પણ માણી શકશે.

આ વખતે વસંતોત્સવમાં પોટ્રેટ રંગોળી અને રેત શિલ્પનાં કલાકારો દ્વારા દરરોજ નવિનતમ વિષય સાથે રેત શિલ્પનું સર્જન પાટનગરની કલારસિક પ્રજા માટે ખાસ આકર્ષણનું કેન્દ્ર બની રહેશે. વસંતોત્સવમાં પ્રવેશ બપોરે ૨.૦૦ વાગ્યાથી મેળવી શકાશે. જ્યારે સાંસ્કૃતિક કાર્યક્રમ સાંજે ૭.૦૦ વાગ્યાથી શરૂ થશે જે રાત્રે ૧૦.૦૦ વાગ્યા સુધી ચાલશે.

# ઝુંડાલ પાસે મહિલાના હાથમાંથી મોબાઈલ ઝુંટવી બે શખ્સો ફરાર

ગાંધીનગર, તા.૧૪

વૈષ્ણોદેવી સર્કલ થી ઝુંડાલ બ્રીજની બાજુમાં સર્વિસ માર્ગ પર ઝુંડાલ ગામ તરફ જવાના કટ પાસે ગતમોડી સાંજે મહિલાના હાથમાંથી મોબાઈલ ઝુંટવી બે શખ્સો પલાયન થઈ ગયા હતા. બનાવ અંગે મહિલાએ અડાલજ પોલીસ મથકે ફરીયાદ નોંધાવી છે.

સુત્રો દ્વારા મળતી વિગત મુજબ ચાંદખેડા જનતાનગર ખાતે રેખાબેન કિશોરભાઈ જૈન દિકરાઓ સાથે રહે છે. રેખાબેનના પતિ ૧૦ વર્ષ અગાઉ મરણ પામ્યા છે. રેખાબેન રોજીંદા વપરાશ માટે વનપલ્સ નોટ ટુ મોબાઈલનો ઉપયોગ કરતા હતા. ગતરોજ સાંજના સમયે રેખાબેન તેમના બહેનપણી સાથે એકટીવા પર શાંતીગ્રામ ખાતે આવેલા જૈન દેરાસર દર્શન કરવા ગયા હતા. ત્યારબાદ સાંજના સાડા છ વાગે વૈષ્ણોદેવી સર્કલ થી ઝુંડાલ બ્રીજની બાજુમાં આવેલા સર્વિસ રોડ પર ઝુંડાલ ગામ તરફ જવાના કટ પાસે દિકરાનો ફોન આવતા એકટીવા સાઈડમાં કરીને વાત કરતા હતા. ત્યારબાદ મોબાઈલ પર્સમાં મુકવા જતા હતા તે સમયે અચાનક પાછળથી એકટીવા પર આવેલ શખ્સો મહિલાના હાથમાંથી મોબાઈલ ઝુંટવીને ધક્કો મારી નાસી ગયા હતા. ત્યારે મહિલાને તેમના બહેનપણીએ એકટીવા અને તેમને ઉભા કર્યા હતા. જ્યારે મહિલાનો દિકરો આવી જતા ઘુંટણે ઈજા પહોંચી હોવાથી સારવાર માટે લઈ ગયો હતો.જ્યારે અડાલજ પોલીસ મથકે મહિલાની ફરીયાદ નોંધી અજાણ્યા શખ્સો સામે ગુનોં નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

## જિલ્લા ક્ષય કેન્દ્ર દ્વારા આયોજીત ચિત્ર સ્પર્ધામાં ૨૫ બાળકોએ ભાગ લીધો

જિલ્લા ક્ષય કેન્દ્ર ગાંધીનગર દ્વારા સદવિચાર, પુનઃવસન વિકલાંગ સ્કુલ ખાતે ચિત્ર સ્પર્ધા આયોજન કરવામાં આવ્યું હતું. આ ચિત્ર સ્પર્ધામાં ૨૫ બાળકોએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. તમામ બાળકોને ચિત્ર સ્પર્ધાની જરુરી સાધન સામગ્રી પુરી પાડવામાં આવી હતી. જ્યારે બાળકોને ટીબીની માહિતી પત્રિકા વિતરણ કરવામાં આવી હતી. આ કાર્યક્રમને સફળ બનાવવા માટે સંસ્થાના કર્મચારીઓનો સાથ અને સહકાર મળ્યો હતો.

# ટેટ પાસ બેરોજગાર ઉમેદવારોએ વર્ષ-૨૦૨૧ મુજબ મહેકમ ભરતી કરવા માંગ કરી

પ્રાથમિક શાળાઓમાં વિદ્યાસહાયકની ભરતી માટે જાહેરાત અંગે રાજ્યના ટેટ પાસ ઉમેદવારોમાં આનંદની લાગણી પ્રસરવા પામી છે. આ સાથે ટેટ પાસ બેરોજગાર ઉમેદવારો દ્વારા વર્ષ-૨૦૨૧ મુજબ મહેકમ ભરતી કરવા અને ચાલુ ભરતીમાં ભાષા, સામાજિક વિજ્ઞાન અને ગણિત-વિજ્ઞાન વિષયની જગ્યામાં વધારો કરવા માંગ કરવામાં આવી છે.

રાજ્યના ટેટ પાસ બેરોજગાર ઉમેદવારોની માંગ અનુસાર ૩૩૦૦ જગ્યાઓ વર્ષ ૨૦૧૯ના મહેકમ મુજબ નક્કી કરવામાં આવેલ જગ્યાઓ છે ત્યારબાદ ૪ વખત શિક્ષકો નિવૃત્ત થયા છે અને વિદ્યાર્થીની સંખ્યામાં વધારો થતાં ખાલી જગ્યામાં ફેરફાર કરાયો હોવાથી વર્ષ ૨૦૨૧ના મહેકમ મુજબ ભરતી કરવા હાલ રાજ્યમાં પ્રાથમિક શાળાઓમાં ૧૮,૦૦૦થી વધુ શિક્ષકોની જ્યાઓ ખાલી છે. આરટીઈ એસીટી મુજબ કુલ ખાલી જગ્યાના ૬૦ ટકા જગ્યાઓ સીધી ભરતીથી ભરવાનો ઠરાવ છે. ૩૩૦૦ જગ્યાઓ કુલ જગ્યાઓની માત્ર ૨૦ ટકા જ રહે છે જ્યારે ટેટ વેલીડિટી વધવાના કારણે હાલ ટેટ પાસ બેરોજગારોની સંખ્યા ૧.૫૦ લાખથી વધુ છે. વળી ૩૦૦ જગ્યા આ વર્ષ-૨૦૧૯ની અગાઉના શિક્ષણમંત્રીએ આપેલ જૂની ભરતી છે ૩ વર્ષ જૂની ભરતીમાં ૧૮ હજાર જગ્યાઓ ખાલી હોવા છતાં જગ્યામાં વધારો કર્યો નથી. આરટીઈ મુજબ દર વર્ષે ટેટમાં ૩૩૦૦ ભરતી કરવાનો ઠરાવ થયેલ છે જેથી ઓછી ભરતી આપેલ હોય વાર્ષિક કેલેન્ડરનો અનાદર થઈ રહ્યો છે. ભાષા જેવા વિષયમાં કુલ જગ્યાઓની ફાળવણી ૪ ભાગમાં અને કેટેગરી મુજબ થયા બાદ નહિવત જગ્યા ઉમેદવારો ભાગે આવે છે તો ચાલુ ભરતીમાં ભાષા, સામાજિક વિજ્ઞાન અને ગણિત-વિજ્ઞાન વિષયમાં જગ્યામં વધારો કરવામાં આવે અને જે સામાજિક વિજ્ઞાન વિષયમાં ધો.૧ થી ૫ ના શિક્ષકો મહેકમને બદલે વિકલ્પ કેમ્પ દ્વારા ભરેલ છે અને તાજેતરમાં સામાજિક વિજ્ઞાન વિષયમાં અન્ય વિષયો કરતાં વધુ ૮ વિષયનો સમાવેશ થતો હોય જગ્યામાં વધારો કરવા માંગ કરવામાં આવી છે.

આ ભરતીમાં વેલડીટી કારણે ૨૦૧૧ થી ૨૦૧૮ના ૧,૮૦,૦૦૦ બેરોજગાર ઉમેદવારોને સમાવેશ થતો હોય ૩ વારથી વધુ તક મળે જેથી ૨૦૧૭ના યુવાનને માત્ર એક તક મળે જેથી નુકશાન છે તે ધ્યાનમાં લેવા પણ રજૂઆત કરાઈ છે.

# ગાંધીનગરથી ઈન્દીરા બ્રિજની શહેરી બસ સેવા શરુ કરવા નાગરીકોની માંગ

ગાંધીનગર, તા.૧૪

ગાંધીનગર શહેરી બસ સેવા શહેરના માર્ગો પર દોડાદોડી કરતી જોવા મળે છે. ત્યારે ગાંધીનગર-ઈન્દીરાબ્રિજની શહેરી બસ સેવા કોરોના કાળથી બંધ છે. જેથી ધોળાકુવા થી કોબા સુધીના મુસાફરોને પારાવાર મુશ્કેલીનો સામનો કરવો પડે છે. ત્યારે ફરીવાર ગાંધીનગર થી ઈન્દીરાબ્રિજ ની બસ સેવા શરુ થાય તેવી મુસાફરોમાં માંગ ઉઠવા માપી છે.

ગાંધીનગર શહેરના ઘ-૩ થી સવાર થી રાત સુધી શહેરી બસ સેવા શહેરી-ગ્રામ્ય વિસ્તારમાં દોડતી જોવા મળે છે. શહેરી બસ સેવાનો રોજના હજ્જારો મુસાફરો લાભ લે છે. ચિલોડા, ચાંદખેડા, ઉનાવા અને ઈન્દીરા બ્રિજ સુધી શહેરી બસ સેવા શરુ હતી. પરંતુ કોરોના કપરા સમયમાં ઈન્દીરા બ્રિજનો રૂટ બંધ કરવામાં આવ્યો હતો. જે આજદિન સુધી બંધ છે. જેથી ધોળાકુવા, રાંદેસણ, રાયસણ, કોબા, ભાઈજીપુરા, પીડીપીયુ, સહિતના ન્યું વિસ્તારના નાગરીકોને ગાંધીનગર આવનજાવન માટે ભારે તકલીફનો સામનો કરવો પડે છે. તો બીજીતરફ વધુ પૈસા આપી રીક્ષા કે અન્ય ખાનગી વાહનમાં જોખમી મુસાફરી કરવાનો વારો આવે છે. ત્યારે હાલના સમયે શાળા-કોલેજો સહિત બજાર ધમધમતા થઈ ગયા હોવાથી ભારે ટ્રાફિક રહે છે. જેને પગલે શહેરી બસ સેવાના સંચાલકો દ્વારા ઝડપી ઈન્દીરા બ્રિજનો રૂટ શરુ કરવામાં આવે તેવી લોકમાંગ ઉઠવા માપી છે.



વર્લ્ડ બુક ઓફ રેકોર્ડ દ્વારા ઈન્દોર ખાતે યોજાયેલ સત્કાર સમારંભમાં ગાંધીનગરનાં જાણીતા એડવોકેટ અગ્રણી અશ્વિનભાઈ ત્રિવેદીનું તેમની સમાજ સેવાનાં કદર રૂપે લોર્ડ ભીખુ બુધ્ધસેના જેવો ફાઉન્ડર મહાબુધ્ધી મેડીટેશન ઈન્ટરનેશનલનાં ફાઉન્ડર લેહ-લદાખ દ્વારા કરાયું હતું. ભારતનાં પૂર્વ વડાપ્રધાન અટલબિહારી બાજપાઈનાં પરિવારનાં સદસ્ય માલા તિવારી, પૂર્વ વડાપ્રધાન મનમોહનસિંહનાં પરિવારનાં સદસ્ય રણદિપસિંહ કોહલી, મધ્યપ્રદેશનાં પૂર્વ મુખ્યમંત્રીના પરિવારનાં સદસ્ય ઉમાતિવારી શુક્લા, મધ્યપ્રદેશનાં સાંસદ શંકર લાલવાણી, ધારાસભ્ય સંજય શુક્લા તથા વર્લ્ડ બુક ઓફ રેકોર્ડ યુરોપનાં હેડ વીલીયમ જેચ્લર તથા પૂનમ જેચ્લર, ભારતનાં અધ્યક્ષ સંતોષ શુક્લાની ઉપસ્થિતિમાં અશ્વિનભાઈ ત્રિવેદીનું સન્માન કરવામાં આવ્યું હતું.

# 'વન નેશન, વન રેશન કાર્ડ' યોજના અંતર્ગત ૮.૩૭ લાખ લોકોને રાશન વિતરણનો લાભ અપાયો

ગાંધીનગર, તા. ૧૪

અન્ન નાગરિક પુરવઠા મંત્રી નરેશભાઈ પટેલે જણાવ્યું હતુ કે રાજ્યનો કોઇ પણ ગરીબ પરિવાર કે નાગરિક ભૂખ્યો ન સુવે એના મક્કમ નિર્ધાર સાથે મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વવાળી સરકાર કામ કરી રહી છે. રાજ્યમાં જરૂરિયાતવાળા ૯૮ ટકા નાગરિકોને સમયસર અને ગુણવત્તાયુકત અન્ન વિતરણનો લાભ પૂરો પાડવામાં આવી રહ્યો છે.

આજે વિધાનસભા ખાતે વલસાડ જિલ્લામાં રાષ્ટ્રીય અન્ન સલામતી કાયદો-૨૦૧૩ હેઠળ અનાજ વિતરણના પ્રશ્નના પ્રત્યુત્તરમાં મંત્રી પટેલે ઉમેર્યું કે રાજ્યભરમાં કુલ વસ્તીના ૫૦ ટકા લોકો એટલે કે ૩.૪૭ કરોડ નાગરિકોને વિનામૂલ્યે આવશ્યક ચીજવસ્તુઓના જથ્થાનું વિતરણ કરવામાં આવે છે. કોરોનાની વૈશ્વિક મહામારીમાં પણ વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના માર્ગદર્શનથી ગરીબ પરિવારોને સહાયરૂપ થવા અંત્યોદય, બી.પી.એલ. પરિવારો તથા એન.એફ.એસ.એ હેઠળના નાગરિકોને અન્ન વિતરણ કરવામાં આવ્યું છે. એમાં બે નવી યોજનાઓ અમલી કરીને જરૂરિયાતમંદોને વિનામૂલ્યે અન્ન આપ્યું છે. જેમાં અંત્યોદય યોજના તથા અગ્રતા ધરાવતા કુટુંબોને પણ અનાજ વિતરણનો લાભ અપાયો છે. જેનો ૮૧ હજાર કુટુંબના ૩.૪૭ લાખ નાગરિકો લાભ અપાયો છે.

મંત્રી પટેલે ઉમેર્યું કે વડાપ્રધાને 'વન નેશન વન રેશન કાર્ડ' યોજના અમલી બનાવી છે, ત્યારે ગુજરાતમાં પણ અન્ય રાજ્યોમાંથી રોજગારી માટે આવતા શ્રમિકો જ્યાં કામ કરતા હોય ત્યાં પોતાની ઓળખ આપીને રાશન લઈ શકે છે. જે હેઠળ પણ ૮,૩૭,૫૮૨ લોકોને વિનામૂલ્યે અનાજ વિતરણ કરવામાં આવ્યું છે. ઉપરાંત રાષ્ટ્રીય અન્ન કાયદા હેઠળ ૧૦ લાખથી વધુ જન સંખ્યાને લાભ અપાયો છે. અન્ન ઉપરાંત તુવેરદાળ, આયોડીનયુક્ત મીઠું, ખાંડ અને તેલનું પણ વિતરણ કરવામાં આવે છે.

મંત્રીએ ઉમેર્યું કે વલસાડ જિલ્લામાં ફેબ્રુઆરી ૨૦૨૧થી નવેમ્બર ૨૦૨૧ સુધીમાં પ્રતિ માસ એ.એ. વાય. કુટુંબોને ૩૫ કિલો ઘઉં અને ચોખા જ્યારે અગ્રતા ધરાવતા કુટુંબોને વ્યક્તિ દીઠ કુલ ૫ કિલો ઘઉં અને ચોખાનું વિતરણ કરવામાં આવ્યું છે. જ્યારે ડિસેમ્બર-૨૦૨૧ થી જાન્યુઆરી ૨૦૨૨માં પણ એ.એ.વાય. માટે કુલ ૩૫ કિલો ઘઉં તથા ચોખા તેમજ અગ્રતા ધરાવતા કુટુંબો માટે કુલ પાંચ કિલો ઘઉં અને ચોખાનું પ્રમાણ જાળવીને વિતરણ કરવામાં આવ્યું છે. તેમણે ઉમેર્યું કે વલસાડ જિલ્લામાં અંત્યોદય યોજના અને અગ્રતા ધરાવતા કુટુંબોને અનાજ વિતરણ કરાય છે.


## કંપની સમાચાર

### મહિન્દ્રા એન્ડ મહિન્દ્રાની સીએસસી ગ્રામિણ ઈ-સ્ટોર સાથે ભાગીદારી

મહિન્દ્રા એન્ડ મહિન્દ્રા લિમિટેડે ભારત સરકારની પહેલ સીએસસી ગ્રામિણ ઈ-સ્ટોર સાથે ભાગીદારીની ઘોષણા કરેલ છે. કંપની અનુસાર અંતરીયાળ વિસ્તારના ૭ લાખથી વધુ ગામોના ઉદ્યોગસાહસિકો આ ડીજીટલ માધ્યમ દ્વારા મહિન્દ્રાના વાહનો અંગે પુછપરછ તથા માહિતી પ્રાપ્ત કરી શકશે. ગ્રામિણ વિસ્તારમાં સીએસસી વીએલઈ (VEL) નેટવર્ક મહિન્દ્રાના ટચપોઈન્ટની માફક કાર્ય કરશે જેથી ગ્રાહકોને સુવિધા રહેશે.

ગ્રાહક તેમની નજીકના સીએસસી વીએલઈ (VEL) સ્ટોર પર જઈને મહિન્દ્રાની બોલેરો, બોલેરો-નીયો, સ્કોર્પિયો, XUV 300, મરાઝો, બોલેરો પિક-અપ અને બોલેરો મેક્સી ટ્રક જેવા પસંદગીના વાહનો અંગે જાણકારી મેળવી શકશે. અને રસ ધરાવતા ગ્રાહકોને આ ડીજીટલ માધ્યમના સહારે ટેસ્ટ ડ્રાઈવ તથા ખરીદવા માટે અધિકૃત ડીલરશીપ દ્વારા સેવા પુરી પાડવામાં આવશે.


## વિચારયાત્રા ● અનુસંધાન ચોથાનું ચાલુ...

આર્મીના ગણવેશમાં આતંકવાદીઓ હિન્દુ પંડીતોને એક લાઈનમાં ઊભા રાખીને કપાળની વચ્ચોવચ ગોળી મારી દે. આ ફિલ્મમાં એક મૌલવી બાળકોને ભણાવે છે કે કાશ્મીરના પડોશી દેશો અફઘાનિસ્તાન, પાકિસ્તાન, ચીન અને ભારત છે! રેફ્યુજી કેમ્પમાં રહેતા અનુપમ ખેર તેમના રડ્યા ખડ્યા પરિવાર સાથે અત્યંત દયનીય સ્થિતિમાં રહેતા હતા. ભોજનની તંગીના કારણે તેમણે સાંજના ભોજનનો ત્યાગ કર્યો હતો. દિવસોના દિવસો સુધી રાતના ભોજન સમયે તેના ડબ્બામાં રહેલાં પારલેજીના બિસ્કીટને ચાટીને ભૂખ સંતોષવાનાં ઠાલા પ્રયત્ન કરતા હતા. કહેવાતા હ્યુમન રાઈટ્સ કમિશનના દલાલો તે વખતના સંહાર સમયે ક્યાં ડૂબી મર્યા હતા!! આ ફિલ્મ બનાવનારને ૩૬ તોપોની સલામી છે. આવું નગ્ન સત્ય યથાતથ પડદા પર દેખાડવા માટે ૭૨ની છાતી જોઈએ... જો આજે આપણે જાગીશું નહીં તો કાશ્મીર જેવી સ્થિતિ ભારતના પ્રત્યેક રાજ્યમાં જોવા મળશે.

વિચારવા જેવી બાબત એ છે કે આખા દેશમાં માત્ર ગણ્યાગાંઠ્યા થિયેટરોમાં જ આ ફિલ્મને પ્રદર્શિત કરવામાં આવી છે.. કહેવાતા દંભી **bollywood** દિગ્દર્શકો, વિશ્લેષકોએ આ ફિલ્મ બાબતે મૌન જ સેવ્યું છે. એક પણ બોલિવૂડનો કલાકાર ગળું ખોંખારીને આ ફિલ્મ વિશે કોઈ ટિપ્પણી કરવા તૈયાર નથી. મુર્ખાની જેમ તેમની પાછળ પાગલ થતી ભારતીય પ્રજાએ સમજવાની જરૂર છે કે દેશના વાસ્તવિક હીરો કોણ છે! એક ચોક્કસ પ્રકારના ધ્યેય સાથે ચાલતી બોલીવુડની જમાત 'કાશ્મીર **files**' પ્રત્યેનો ભારતીયોનો ઉત્સાહ પચાવી શકતી નથી.

આજે સોશિયલ મીડિયા પર ચૌરે અને ચૌટે આ ફિલ્મની ચર્ચા થાય છે તો તેનું એકમાત્ર કારણ જાગૃત હિન્દુ સમાજ છે. બાકી કોઈ પત્રકારો, વિશ્લેષકો કલાકારો દ્વારા આ ફિલ્મને જરાપણ સરાહવામાં આવી નથી. ભાઈજાનની ઢંગધડા વગરની ફિલ્મોને ચલાવવા માટે અહો રૂપમ અહો ધ્વનિ ન્યાયે એકબીજાના ખોટા વખાણ કરતી bollywood જમાત હજી સુધી ચુપ છે. પરંતુ આપણે ચૂપ રહેવાનું નથી. બસ આ ફિલ્મને અને તેમાં બતાવવામાં આવેલી વ્યથાને સદાય આપના હ્રદયમાં ધડકતી રાખવાની છે. પંડિતોના દર્દને પોતાનું દર્દ સમજીને જાગતા રહેવાનું છે. પ્રત્યેક લેખકે આ વિષયને વાચા આપવી પડશે. ચિત્રકારે તેના કેન્વાસ પર પંડિતોના દર્દને છતું કરવું પડશે. કવિઓએ પ્રણય અને વિરહના વિષયો છોડીને પંડિતોના વિષાદને લખવો પડશે. રેડિયો જોકી મિત્રોએ ફાલતુ વાતોના વડા બાજુ પર રાખીને આ વિષયને જ ચર્ચતા રહેવો પડશે. આ માત્ર કોઈ ચલચિત્ર નથી, આ એક જનજાગૃતિની મશાલ જગવનાર જ્યોતિપુંજ છે. પૈસા લઈને પ્રચાર કરનાર દોગલાઓને લપડાક મારીને આપણે આ ફિલ્મનો પ્રચાર-પ્રસાર કરવાનો છે. પ્રશ્ન ફિલ્મના પ્રચારનો નથી. એક વિચારનો પ્રચાર કરવાનો છે.

- jayuoza@gmail.com,
Mo.9898046488

## લોક અદાલત... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

આ નેશનલ લોક અદાલત દરમિયાન ગુજરાત હાઈકોર્ટના ચીફ જસ્ટીસ અરવિંદકુમાર તેમજ ગુજરાત રાજય કાનુની સેવા સત્તા મંડળના સભ્ય સચિવ આરે એ ત્રિવેદીએ લોક અદાલત દરમિયાન મુલાકાત લીધી હતી. જ્યારે આ દરમિયાન ચીફ જસ્ટીસ અરવિંદકુમાર દ્વારા પણ મોટર અકસ્માતના વળતરના કેસમાં પ્રત્યક્ષ હાજર રહીને સુખદ સમાધાન કરાવ્યુ હતુ. આ નેશનલ લોક અદાલત દરમિયાન મોટર અકસ્માતના ૮૦ કેસોનો સમાધાનથી નિકાલ કરવામાં આવ્યો હતો. જ્યારે આ અન્વયે કુલ ૨,૫૪,૦૮૧૪૫ નુ વળતર ચુકવવા પણ આદેશ કરવામાં આવ્યો હતો. તેમજ અન્ય ૩૬૫૭ કેસોનો સમાધાનથી નિકાલ કરવામાં આવ્યો હતો. તેમજ પ્રિ લિટીગેશન લોક અદાલતમાં કુલ ૫૬૭ કેસોનો સમાધાનથી નિકાલ કરવામાં આવ્યો હતો. આમ કુલ ૪૩૦૪ કેસોનો સમાધાનથી નિકાલ કરાયો હતો. જ્યારે સમાધાનના કેસો માટે જિલ્લા કાનુની સેવા સત્તા મંડળ ગાંધીનગરના સચિવ વી એસ ગઢવી દ્વારા મીટીંગોનુ આયોજન કરી વધુ ને વધુ કેસોનો સમાધાનથી નિકાલ થાય તેવા પ્રયાસો કરવામાં આવ્યા હતા. નેશનલ લોક અદાલતના આયોજનને સફળ બનાવવા માટે જિલ્લાના તમામ જયુડીશ્યિલ ઓફિસરો તેમજ વકીલો અને કોર્ટ સ્ટાફના સભ્યોએ જહેમત ઉઠાવી હતી.

## બજેટ પસાર... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

અને આગળની કાર્યવાહી હાથ ધરવા જણાવતાં ગૃહની કાર્યવાહી ખોરવાઈ ગઈ હતી. કોંગ્રેસના અજીતસિંહ રાઠોડ અને રશ્મિનજી ઠાકોરે ભાજપને વળતો જવાબ આપી આક્રમકતા સાથે જણાવ્યુ હતુ કે તમે ગરીબો માટે નથી ચર્ચા કરો અમે તૈયાર છીએ. જોકે તેમની વાત સાંભળવા જાણે કોઈ તૈયાર જ ન હોય તેમ હો-હો કરી ભાજપે પણ સભાખંડ ગજવ્યો હતો. આથી કોંગ્રેસે રક્ષણની માંગણી કરી હતી પરંતુ ડી.ડી.ઓ.એ ગઈ વખતની જેમ આજની બેઠકમાં પણ ચૂપકીદી સાધી હોવાથી કોંગ્રેસે સભાત્યાગની જાહેરાત કરી બજેટના કાગળો તેમજ સાહિત્યને ઉછાળી ચાલતી પકડી હતી. આમ પહેલીવાર જિલ્લા પંચાયત બેઠકમાં બજેટ ચર્ચા વિના પસાર કરવામાં આવ્યુ હતુ. આ બેઠકમાં ગ્રામ વિકાસ એજન્સીનું લેબર બજેટ પણ તા. પંચાયતોમાં મંજૂર થયા પહેલાં નિયમ વિરૂદ્ધ જિલ્લા પંચાયતે પસાર કર્યુ હતુ અને ૧૦ મિનિટમાં સભા આટોપી લેવામાં આવી હતી.

## ઉડાડ્યા છે... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

પંચાયતના મકાન માટે રૂ. ૭ કરોડની જોગવાઈ આ બજેટમાં કરી છે. સ્વભંડોળની આવકમાં ઘટાડો થયો હોવા છતાં અમે વિકાસકૂચ જાળવી રાખી છે એટલુ જ નહિ આરોગ્ય-શિક્ષણ માટેના બજેટમાં જોગવાઈ કરી છે. તેમણે કહ્યુ હતુ કે કોંગ્રેસે ઘણા ખાડા કર્યા છે તે પૂરવામાં અમને સમય લાગશે. તેમણે કહ્યુ કે કુપોષણમુક્તિ માટે અને સ્માર્ટ આંગણવાડીઓના નિર્માણનો અમારો સંકલ્પ છે. અમે વાસ્તવદર્શી બજેટ તૈયાર કરી અને જિલ્લાની વિકાસકૂચને આગળ ધપાવવા કટિબદ્ધ છીએ. કોંગ્રેસ કહે તેમ અમારે નથી કરવાનુ હોતુ તેમના સૂચનો કોઈ રચનાત્મક નહોતા આડેધડ આક્ષેપબાજી કરવાની તેમને આદત પડી છે તેમ પણ તેમણે કહ્યુ હતુ.

## વળતરનો લાભ... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

રૂબરૂ સંપર્ક કરવા પણ જણાંવાયુ છે. જ્યારે ચેક દ્વારા વેરો ભરપાઈ કરનારા જોડાણકર્તાઓએ તા ૨૫ માર્ચ સુધીમાં કચેરીના સરનામે ચેક જમા કરાવવા પણ વિભાગના નાયબ કાર્યપાલક ઈજનેરે જણાંવ્યુ છે. શહેરમાં પાણી વિતરણ કરવા સહીત ઘરે ઘરે પાણી પહોંચતુ કરવા માટે તંત્ર દ્વારા કરોડો રૂપિયાનો ખર્ચ કરવામાં આવે છે. પરંતુ મહામુલા પાણીના વપરાશ સામે નજીવો વેરો ચુકવવામાં પણ જોડાણકર્તાઓ નિરસતા દાખવતા તંત્રના ચોપડે વેરા વસુલાત ક્ષેત્રે નબળુ ચિત્ર ઉપસી આવે છે. જો કે વેરા વસુલાતને વધુ અસરકારક બનાવવા માટે પણ તંત્ર કક્ષાએથી પ્રયાસ હાથ ધરવામાં આવ્યા છે. પરંતુ વેરા વસુલાતની કામગીરી હજુ સુધી ઓનલાઈન થઈ શકી નથી જેના લીધે જોડાણકર્તાઓએ રૂબરૂ આવવાની ફરજ પડે છે.

## વિધાનસભામાં... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

શિક્ષણાધિકારી અને કેળવણી નિરીક્ષકની ખાલી જગ્યાઓ અંગે પુછેલા લેખિત પ્રશ્નના ઉત્તરમાં શિક્ષણમંત્રીએ જણાવ્યુ છે કે જિલ્લામાં તાલુકા પ્રા. શિક્ષણાધિકારીની ૪ અને કેળવણી નિરીક્ષકની ૧૦ જગ્યાઓ મંજૂર કરવામાં આવેલ છે. સભ્યના પૂરક પ્રશ્નના ઉત્તરમાં મંત્રીએ જણાવ્યુ છે કે જિલ્લામાં તા.પ્રા. શિ. અધિકારીની એક અને કેળવણી નીરીક્ષકની ૭ જગ્યા ખાલી છે. તાલુકા પ્રા. શિક્ષણાધિકારીની ભરતીના નિયમોમાં જરૂરી સુધારા અંગેની કાર્યવાહી ચાલુ હોવાથી તેમજ કેળવણી નિરીક્ષકોને વર્ષ ૨૦૨૧માં તા.પ્રા.શિ. અધિકારી વર્ગ-૨ માં બઢતી આપવાના કારણે કેળવણી નિરીક્ષકની જગ્યાઓ ખાલી પડી છે જે બને તેમ ઝડપથી ભરી દેવામાં આવશે.

● **ખેતરોમાં પ્રદૂષિત પાણી છોડવાની ફરિયાદો**

કલોલના ધારાસભ્ય બળદેવજી ઠાકોરે કલોલમાં ખેતરોમાં પ્રદૂષિત પાણી છોડવાની ફરિયાદો અંગે પુછેલા લેખિત પ્રશ્નના ઉત્તરમાં પર્યાવરણ મંત્રીએ જણાવ્યુ છે કે ૨૦૨૧માં એક ફરિયાદ મળી છે અને તે માટે નિયમાનુસાર કાર્યવાહી સારૂ ગુજરાત પ્રદૂષણ નિયંત્રણ બોર્ડને અરજી મોકલી આપવામાં આવેલ છે.


## જાહેર નોટીસ

આથી જાહેર જનતાને જણાવવાનું કે, જત ડીસ્ટ્રીક્ટ સબ ડીસ્ટ્રીક્ટ ગાંધીનગરના મોજે. ગામ કુડાસણની સીમનાં ખાતા નં. ૧૨૩૩, ના સર્વે નં. ૨૮/૧ની ૯૯૮૫ ચો.મી.વાળી જમીન પૈકી વણવહેંચાયેલ સંયુક્ત સહમાલિકીની ૯૧૯૭ ચો.મી. જમીનનાં મુળમાલિકોએ તા. ૧૯/૦૬/૨૦૧૭ના રોજ નોટરી રજી. રૂબરૂ બાનાખત કરી આપી અવેજ સ્વીકારેલ, જે લગત મુદત સમયમાં રજી. વેચાણ દસ્તાવેજ અમારા અસીલ ડાહ્યાજી ચુડાજી ઠાકોર, રહે. નભોઈનાને કરી ના આપી સદરહું જમીન અન્ય ત્રાહિત વ્યક્તિઓને મુળ માલિકોએ વેચાણ કરતા અમારા અસીલે મુળ માલિક તથા ત્રાહિત સામે રજી. વેચાણ દસ્તાવેજ રદબાતલ ઠરાવવા તથા રજી. વેચાણ દસ્તાવેજ કરાવી લેવા સ્પે.દિ.મુ.નં. ૭૪/૨૦૧૮, મે. ગાંધીનગરનાં પ્રિન્સીપાલ સીની. સીવીલ જજ સાહેબશ્રીની કોર્ટમાં મુળ માલિકો તથા ત્રાહિતો સામે દાખલ કરેલ છે. જે કેસ કાયદાકીય પ્રક્રિયા અંગે પેન્ડીંગ હોય અન્ય ત્રાહિત વ્યક્તિ, સંસ્થા, મંડળી કે બેંકે હક્ક-હસ્તાંતરના કરારો, લખાણો કરવા-કરાવવા નહી. તેમ છતાં આવા કરારો, લખાણો, અમલમાં મૂકાશે તો તે આથી રદબાતલ ગણાશે. અમારા અસીલનો સદરહું જમીનમાં અગ્ર હક્ક સમાયેલ છે. દાવાના કામે મુળમાલિકોએ અમારા અસીલને કરાર દાદ કરી આપેલ હોય, તેમજ જીલ્લા કલેક્ટરશ્રીએ સીબી/આરટીએસ/કુડાસણ/ રીવી. નં. ૪૨૮/૨૦૨૦ના કામે પણ વેચાણ દસ્તાવેજ ફેરફાર નોંધ નં. ૧૦૯૩૨ પુનઃસ્થાપિત કરતો હુકમ કરેલ છે. જેની જાહેર જનતાએ નોંધ લેવી. તેમજ સદરહું જમીન લગત કાયદાકીય પ્રક્રીયા પેન્ડીંગ હોય કોઈએ કોઈપણ જાતનાં વ્યવહારો કરવા નહી. જેની નોંધ લેશો.

તા. ૧૫/૦૩/૨૦૨૨
સ્થળ : ગાંધીનગર.

ત્રિવેદી એસોસીએટ્સ
અશ્વિનભાઈ વી.ત્રિવેદી,
(એડવોકેટ & સ્પે.પી.પી.)
એ.બી.શાહ, એમ.એન.ચાવડા, દિવ્ય એ. ત્રિવેદી (એડવોકેટ્સ)
એ.૩૦૭-૧૧,સ્વાગત રેઈન ફોરેસ્ટ-૧, કુડાસણ,
ગાંધીનગર : ૩૮૨૧૨૧. મો. ૯૮૨૫૪૫૦૧૯૧.